## હા... સાહેબ !

"જોયું ને... અમારા સાહેબનો ધડાકો..."

"શું ધડાકો કર્યો પાછો..?"

"સમાચારમાં જોયું નહીં, ભ્રષ્ટ અધિકારીઓની યાદી ૫ મી ઓગષ્ટ પહેલા તૈયાર કરવાની સૂચના આપી."

"હં... હં એટલે યાદી આવશે, એટલે તમે અધિકારીઓને તગેડી મુકશો એમ ?"

"હાસ્તો વળી, એવું જ હોયને..!"

"તો યાદી બનાવશે કોણ ? એ પણ અધિકારી જ ને..!"

"અરે સાહેબ, કોકને ખબર પડે કે આ અધિકારી ભ્રષ્ટાચાર કરે છે અને સાબિતી મળે એવું બન્યું છે કે બનશે."

"એકલા અધિકારીઓ જ કેમ ? રાજકીય આગેવાનોને પણ સાંકળી લેવાતાને, તો બધાય માપમાં રહે."

"એ તો થાય છે જ ને... હમણાં જોયું નહી ચીદમ્બરમ, લાલુપ્રસાદ, છગન ભુજબળ વગેરે વગેરે..."

"હા... પણ આ તો બધા વિરોધ પક્ષના થયા, તમારા ત્યાં તો સંત સમાજના જ સભ્યો છે ને...!"

"એમ બોલીને અમારી ઉડાઓ નહી, ત્રણ વર્ષમાં છે કોઈ ભ્રષ્ટાચારનો આક્ષેપ અમારી સરકાર પર..."

"ક્યાંથી હોય મેનેજમેન્ટ તમારૂ પાવરફુલ. એમાં તો કોઈ શંકા નહી. પ્રચાર-પ્રસારથી લઈ છેક તપાસ એજન્સીઓ સુધી તમારી જે પહોંચ છે, જે આવડત છે એને તો દાદ દેવી પડે..."

"એટલે તમારે તો પાણીમાંથી પોરાં જ કાઢવા છે ને."

"સાહેબ પાણીમાં પોરાં કે પોરામાં પાણી એ જ મુંઝવણનો વિષય છે. આક્ષેપો અને પ્રતિઆક્ષેપોથી મુળ વાત ઢંકાતી નથી..."

"...અને ઢાંકવીએ નહીં પડે. અમે તો ભ્રષ્ટાચારમુક્ત ભારતના સંકલ્પ સાથે રાજનીતિમાં છીએ. અને સાકાર કરીને જ ઝંપીશુ."

"ભગવાન આપના વિચારને પ્રામાણિક બનાવે અને વ્યવહારને પવિત્ર બનાવે એવી શ્રાવણિયા સોમવારે પ્રાર્થના કરીએ છીએ..."

"અને સાહેબ હું પણ એવી જ પ્રાર્થના કરૂ છું કે ભ્રષ્ટાચાર મુક્ત ન બને તો કાંઈ નહી પરંતુ ભ્રષ્ટાચારી દેશોની યાદીમાં ભારતનો ક્રમાંક સુધરે તોય ઘણું છે."

"સાવ સાચી વાત છે, આપણે તો ચર્ચા જ કરીએ છીએ. પણ ચિંતા કરવાનો અને ચિંતન કરવાનો સમય આવી ગયો છે. પંચાયતથી પાર્લામેન્ટ સુધી પ્રજાના પ્રતિનિધિઓ લેવડદેવડના વ્યવહારમાં પડશે નહી તો ભ્રષ્ટ અધિકારીઓની યાદી બનાવવાની જરૂરીયાત જ નહી રહે. ખરૂને સાહેબ...!"

- નિમિત્ત માત્ર

# જિલ્લાના ૭૩ માર્ગોને ૭.૫૧ કરોડનું નુકશાન

**માણસા-ગાંધીનગરના ૨૦-૨૦ તેમજ કલોલના ૧૯ અને દહેગામના ૧૪ માર્ગોને નુકશાન થયું છે : બંધ કરાયેલા ત્રણ માર્ગો વાહન-વ્યવહાર માટે ખુલ્લા મુકી દેવાયા : ગેરન્ટી પિરિયડ ધરાવતા માર્ગોના રિપેરીંગ માટે ડી.ડી.ઓ.એ. કોન્ટ્રાકટરોને કરેલી તાકીદ**

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લામાં ચાલુ માસ દરમિયાન થયેલ ભારેથી અતિ ભારે વરસાદને કારણે પંચાયત હસ્તકના ૭૩ માર્ગોને નાનુ મોટું નુકશાન થયું છે. જેની મરામત માટે રૂ. ૭.૫૧ કરોડની જરૂરિયાત રહેશે.

આજે જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈએ વરસાદ રોકાઈ જતાં જિલ્લાના માર્ગોને થયેલ નુકશાન અંગે સમીક્ષા બેઠક બોલાવી હતી. જેમાં આ હકીકતો બહાર આવવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં જે માર્ગોને નકશાન થયું છે તેમાં કલોલના ૧૯, ગાંધીનગર-માણસાના ૨૦-૨૦ અને દહેગામના ૧૪ માર્ગોનો સમાવેશ થાય છે.

જિલ્લા બાંધકામ વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ અંગે જરુરી ગ્રાન્ટ મેળવવા માટે દરખાસ્ત તૈયાર કરવામાં આવી રહી છે અને તે આગામી એકાદ દિવસમાં રાજ્ય સરકારને મોકલી આપવામાં આવશે.

જિલ્લામાં થયેલ ભારે વરસાદને કારણે ૩ માર્ગો જે બંધ કરાયા હતા તે પુનઃ ચાલુ થઈ ગયા હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. જેમાં રાંચરડા-પલોડિયા, ધનીયોલ-કંથારપુર અને મોટા જલુન્દ્રા-ઝાંક માર્ગ જે પાણી ઉતરતાં જ રિપેરીંગ કરી વાહન વ્યવહાર માટે ચાલુ કરવામાં આવ્યા છે.

દરમિયાન જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેસાઈએ આજે કોન્ટ્રાકટરો સાથે બેઠક કરી અને ગેરન્ટી હેઠળના માર્ગોને થયેલ નુકશાન તેમજ રિપેરીંગ અંગે એક સપ્તાહમાં જ તેની વિગતો સાથેનો અહેવાલ કાર્યપાલક ઈજનરને આપવા જણાવ્યું છે. જિલ્લામાં ૨૩૩ માર્ગો ગેરન્ટી પિરીયડમાં આવતા હોવાનું જાણવા મળેલ છે.

# મનપાના ઢોરવાડાનું રિપેરીંગ પૂર્ણ ન થાય ત્યાં સુધી રખડતા પશુ પકડવામાં નહિ આવે

**ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિમાં લેવાયેલ નિર્ણય : દબાણ શાખા અને ઢોર પકડવા માટેના આઉટ સોર્સિંગના કર્મચારીઓને છુટા કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકાએ ઢોરવાડાનું રિપેરીંગ કામ પૂર્ણ ના થાય ત્યાં સુધી રખડતા પશુઓ નહિ પકડવાનો તથા આ કામગીરી કરતા આઉટ સોર્સિંગના કર્મચારીઓને આ સમયગાળા માટે છુટા કરવાનો નિર્ણય કરેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આ મહત્વનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિની આજની બેઠકમાં ચોમાસા દરમ્યાન દબાણ હટાવવાની કામગીરી પણ કરવાની થતી ન હોવાથી આ શાખામાં આઉટ સોર્સિંગથી કામ કરતા કર્મચારીઓને છુટા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ બન્ને શાખાઓની કાર્યવાહી શરૂ કરવા માટે કરેલ મહેમક અનિવાર્ય છે તેની વિગતવાર દરખાસ્ત સ્થાયી સમિતિમાં રજુ કરવા માટે પણ કમિશનરને જણાવવામાં આવ્યું છે.

મહાનગરપાલિકા સંચાલિત ઢોરવાડામાં પશુઓના મૃત્યુ તેમજ તેમાં થયેલી ગંદકી અંગે તત્કાલ રિપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું છે. આ અંગે માલધારી સમાજના લોકો દ્વારા કરાયેલ રજુઆતો પછી અને પશુઓ મુક્ત કરાવી લઈ જવાયા બાદ આજે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં એજન્ડા પરના ત્રણેય કામોને મંજૂરી આપી દેવામાં આવી છે. જેમાં સે. ૭, ૨૪ અને ૨૭ના બગીચાઓના રિડેવલપીંગ માટેની દરખાસ્ત, શહેરમાં ઉત્પન્ન થતા ઘનકચરાનું વેસ્ટ ટુ વેસ્ટ પ્રોસેસ કરવા માટેનું ટેન્ડર તેમજ વ્હીકલપુલમાં વ્હીકલ રિપેરીંગ માટેનો કોન્ટ્રાકટ આપવાની બાબતનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ભાડેથી મનપા માટે જરૂરી કારો મેળવવા માટેની એજન્સીની મુદત ૧ માસ માટે વધારવાનો તથા ટેન્ડરીંગ કરવા માટેનો પણ નિર્ણય આજની આ બેઠકમાં લેવામાં આવ્યો છે.

# નવીન શાહના અપહરણમાં પ્લાનમાં વપરાયેલી કાર જપ્ત

**હીસ્ટ્રીશીટર શૈલેષ પટેલની કારમાં પ્લાન થયો હતો અને અપહરણ કરવા ગયા ત્યારે અડધે સુધી આ કાર લઈને હત્યારા ગયા હતા**

ગાંધીનગર, તા.૩૧

ગાલા નવનીતના ડાયરેકટર નવીન શાહના ચકચારી હત્યા કેસમાં ગાંધીનગર એલસીબીની ટીમે એક કાર જપ્ત કરી છે. પ્રાંતિજથી જપ્ત કરેલી આ કારમાં નવીન શાહના અપહરણ અને ખંડણી માટેનો પ્લાન ઘડાયો હતો. અને જયારે અપહરણ કરવા નિકળ્યા હતા ત્યારે અડધે સુધી આ કારમાં હત્યારા આવ્યા હતા અને અડધેથી આ કાર મુકીને સફારી કાર વાપરી હતી તેની તપાસ ચાલી રહી છે.




ચકચારી નવીનચંદ્ર શાહ હત્યા કેશમાં ગાંધીનગર કનેકશન ખુલ્યું છે. આ હાઈપ્રોફાઈલ પ્રકરણમાં ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમો સુપર એકટીવ છે અને ગુનાનું કાવતરું રચતી વખતે વપરાયેલી શૈલેષ પટેલ નામના એક હીસ્ટ્રીસીટરની કાર પ્રાંતિજથી જપ્ત કરવામાં આવી છે. શૈલેષ પટેલ આ ગુનામાં વોન્ટેડ છે. અને અગાઉ પણ તેની સામે અનેક ગુનાઓ નોંધાઈ ચુકેલા હોવાનું ધ્યાને આવ્યુ છે. પકડાયેલી આ કારમાં દોઢ મહિનાથી કાવતરું ઘડાયું હતું અને ડાર્ક ફિલ્મ હોવાથી અંદર બેસીને કાવતરૂ કરતાં જેને પગલે કોઈ સીસીટીવીમાં પકડાઈ જવાનો ડર ન રહે...! તે ઉપરાંત જયારે આરોપીઓ અપહરણ કરવા નીકળ્યા ત્યારે શૈલેષે આ ગાડી લઈને રમેશ પટેલને આ ગાડીમાં બેસાડયો હતો અને પ્રાંતિજ નજીક આ ગાડી ઉભી કરી સફારી મંગાવીને તેમાં અપહરણ કરવા નીકળ્યા હતા. એલસીબીએ સફારી શોધી કાઢવા તજવીજ શરુ કરી છે.

# શહેરમાં ૪૫૦થી વધુ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં શહેરી મેલેરિયા તંત્ર દ્વારા આજે ચાર હજારથી પણ વધુ મકાનોના સર્વેલન્સ દરમ્યાન ૪૫૦થી વધુ સ્થાનો પરથી મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્રની ટીમોએ તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી હતી.

શહેરી મેલેરિયા તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર છેલ્લા બે દિવસથી વરસાદે વિરામ લેતાં શહેરના વિવિધ સ્થાનો પર જે ખાડા-ખાબોચિયા છે તેવા ૬૦૦૦ જેટલા સ્થાનો પર પાણી ભરાઈ રહેલાનું જણાતાં ઓઈલનો છંટકાવ કરી મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટેની મહત્વની કામગીરી કરી છે.

ગઈકાલે રજાનો દિવસ હોવા છતાં તંત્રની ટીમોએ કામ કર્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર



હર હર મહાદેવ - શ્રાવણના સોમવારે સેક્ટર-૨૧ વૈજનાથ મહાદેવ ખાતે ભગવાન શીવજીને બિલીપત્ર ચડાવાયા હતા... શિવાલયોમાં શ્રાવણના સોમવારે વૈવિધ્ય રંગોથી આકર્ષક રંગોળી પણ પુરાઈ હતી... જય મહાદેવ - હર હર મહાદેવના જયઘોષ વચ્ચે સોમવારે ભાવિકોએ શીવજીના પૂજન-અર્ચન કરી કલ્યાણના ભાવની પ્રાર્થના કરી હતી...

# સેકટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર ગાબડા

**લેવલીંગના અભાવે માર્ગો સાવ ધોવાયા : લેવલીંગના અભાવે વરસાદી પાણીનો ભરાવો : સેકટરોના આંતરિક માર્ગોની દશા આમ પણ બદતર હતી : વરસાદમાં સાવ ધોવાણ થયુ**

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરનુ રોડ નેટવર્ક છેલ્લા બે વર્ષથી ઉબડ ખાબડ જોવા મળી રહયુ છે. જેમાં ખાસ કરીને સેકટરોના આંતરિક માર્ગોનુ જાણે અસ્તિત્વ ભુસાઇ ગયુ હોવાની સ્થિતિ સર્જાઇ છે. આવા સંજોગોમાં ભારે વરસાદના લીધે માર્ગો પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. માર્ગો પર ઠેર ઠેર પેચીસ પડી ગયા છે. ચોમાસા પુર્વે તંત્ર દ્વારા આંતરિક માર્ગોના ગાબડા પુરવા થાગડ થીગડ કરવામાં આવી હતી. નિયત સમયના અંતે સમયસર માર્ગોનુ કામ હાથ ન ધરાતા સ્થાનિક નાગરિકો માટે આંતરિક માર્ગો જોખમી બન્યા છે.

શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના કેટલાક મુખ્યમાર્ગોનુ સરફેસીંગ કરવામાં આવ્યુ હતુ. જયારે શહેરના વિવિધ માર્ગોના બ્યુટીફિકેશનની કામગીરી પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પરંતુ સ્થાનિક રહીશોની રજુઆતના અંતે પણ આંતરિક માર્ગોની દશા સુધારવામાં ન આવતા હાલ વરસાદી દિવસોમાં સેકટરોના આંતરિક માર્ગો પર ગાબડા જોવા મળી રહયા છે. નવા સેકટરોના કેટલાક વિસ્તારમાં આંતરિક રસ્તાઓનુ અસ્તિત્વ જ જાણે ભુસાઇ ગયુ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. છેલ્લા બે વર્ષથી સ્થાનિક રહીશો આંતરિક માર્ગોની દશા સુધારવા માટે સતત રજુઆતો કરતા રહયા છે. જયારે નિયત સમયના અંતે પણ લાંબાગાળા બાદ પણ માર્ગ સુધારણાનુ કામ હાથ ન ધરાતા મોટાભાગના માર્ગોની દશા ખરાબ છે. જો કે હવે ચોમાસા બાદ માર્ગોનુ કામ હાથ ધરવા માટેની કાર્યયોજના આખરી થઈ ગઈ છે. ત્યારે વરસાદી દિવસોમાં માર્ગોનુ સદંતર ધોવાણ થતા હાલ સ્થાનિક રહીશોએ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. અગાઉ લેવલીંગના અભાવ વચ્ચે માર્ગોનુ કામ થતા વરસાદી પાણીના ભરાવાની સમસ્યા પણ પેચીદી બની છે. જેના લીધે માર્ગોને વિશેષ નુકશાન થતુ હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે.

# શહેરના ૮૭૫૪ સ્પર્ધકો કલા મહાકુંભમાં ભાગ લેશે

**વિદ્યાર્થીઓમાં છુપાયેલી કલા પ્રતિભાને નિખારવા માટે પ્રથમવાર કલા મહાકુંભનુ આયોજન : ઝોન કક્ષાની સ્પર્ધા ૩ ઓગષ્ટથી શરૂ થશે : મહાનગરપાલિકા કક્ષાની ૮ થી ૧૦ ઓગષ્ટ યોજાશે : ૫ મી એ લલીત કલા અકાદમીમાં રાસ ગરબા સ્પર્ધા**

ગાંધીનગર તા ૩૧

અભ્યાસુ પ્રવૃતિ સિવાય બાળકોમાં વિવિધ કલા પ્રત્યે રૂચિ કેળવાય તેમજ તેમને પ્રોત્સાહક બળ મળે તેવા આશયથી રાજયમાં પ્રથમવાર કલા મહાકુંભની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. કલા મહાકુંભની ઉજવણી અન્વયે જિલ્લામાંથી ૮૭૫૪ વિદ્યાર્થીઓ ભાગ લેશે. કલા મહાકુંભ અન્વયે સંગીત,નૃત્ય ,વાદન તેમજ એકપાત્રીય અભિનય વિભાગમાં વિવિધ ૨૦ કૃતિઓમાં સ્પર્ધકોએ ભાગ લીધો છે. જો કે ગ્રામિણ કક્ષાની સ્પર્ધા પુર્ણ થઈ ગઈ છે. જયારે આગામી તા ૩ ઓગષ્ટથી શહેર કક્ષાએ વિવિધ સ્પર્ધાઓ યોજાશે. જયારે સ્થાનિક કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરનારા સ્પર્ધકોને પ્રદેશ તેમજ રાજય કક્ષાની હરિફાઈમાં ભાગ લેવાની તક આપવામાં આવશે. સપ્ટેમ્બરના પ્રારંભે રાજય કક્ષાની સ્પધા યોજાશે.

શાળાએ જતા વિદ્યાર્થીઓ માત્ર અભ્યાસુ પ્રવૃતિમાં જ મસ્ત ન રહે તેમજ બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવા આશયથી સરકાર દ્વારા રમત ગમત અને કલા ક્ષેત્રને પણ વિશેષ મહત્વ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવાનો અભિગમ અપનાવાયો છે. બાળકોમાં રહેલી આંતરિક શક્તિને નિખારવા તેમજ કલાત્મક અભિગમને વિકસિત કરવાના ઉમદા આશયથી રાજયમાં કલા મહાકુંભની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં પણ આ માટે ગત તા ૨૪ જુલાઇ સુધી નોંધણીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ગ્રામ્ય કક્ષાએ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જો કે ગ્રામ્ય કક્ષાનો કાર્યક્રમ પુર્ણ થઈ ગયો છે. કલા મહાકુંભ અન્વયે સંગીત, નૃત્ય, વાદન તેમજ અભિનય તેમ ચાર વિભાગમાં ૨૦ જેટલી કૃતિઓમાં વિદ્યાર્થીઓ ભાગ લીધો છે. જીરોથી ૨૦ વર્ષ ઉપરના સ્પર્ધકોએ કેટેગરી મુજબ સ્પર્ધા યોજવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. તાલુકા, જિલ્લા, પ્રદેશ તેમજ રાજય કક્ષાએ આયોજિત આ કલા મહાકુંભની ઉજવણી અન્વયે સમગ્ર જિલ્લામાંથી ૮૭૫૪ સ્પર્ધકોએ ભાગ લીધો છે. જેમાં શહેરી વિસ્તારમાંથી ૫૧૬૧ અને ગ્રામ્ય કક્ષાએથી ૩૫૯૩ સ્પર્ધામાં જોડાયા છે. ઝોન કક્ષાની સ્પર્ધા તા ૩ અને ૪ ઓગષ્ટના રોજ યોજાશે.

● અનુસંધાન પાન-૭ પર

## ખોવાયેલ છે

ગાંધીનગરથી અમદાવાદ જતા રસ્તામાં નર્સિંગના સર્ટીફિકેટ રજીસ્ટ્રેશન નંબર R.N. No. AI-500 H.I. 5014 ખોવાયેલ છે.

સંપર્ક : ૯૯૨૪૮૨૩૯૦૯

## દેના ગુજરાત ગ્રામીણ બેંક

DGGB

ક્ષેત્રિય કાર્યાલયઃ સીવીલ હોસ્પીટલ સામે, હિંમતનગર

**પરિશિષ્ટ - ૪ (જુઓ નિયમ ૮ (૧)) કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર અધિકૃત અધિકારી, દેના ગુજરાત ગ્રામીણ બેન્ક (ક્ષેત્રિય કાર્યાલય) એ સિક્યોરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨નો એક્ટ ૫૪) તથા સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૩ સહિત વંચાતી કલમ ૧૩ (૧૨) અને ૧૩ (૨) અંતર્ગત મળેલી સત્તાની રૂએ, નીચે મુજબના દેવાદારો / જામીનદારો / ગીરવેદારોને તા. ૨૮.૦૨.૨૦૧૭ ના રોજ માંગણા નોટિસ જારી કરીને નોટિસ મળ્યાના ૬૦ દિવસોની અંદર રૂ. ૯૫,૬૧,૫૫૬/- (અંકે રૂપિયા પંચાણું લાખ એકસઠ હજાર પાંચસો છપ્પન પૂરા) તથા તે ઉપર ચઢતા વ્યાજ અને આકસ્મિક ખર્ચા સહિત રકમ પરત ચુકવવા જણાવ્યુ હતું.

બાકીદારો ઉપરોક્ત રકમ પરત ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદારો/ જામીનદારો/ ગીરવેદારો તથા જાહેર જનતાને આ નોટિસ દ્વારા જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નિયમોના નિયમ ૮ અને ૯ સાથે વંચાણે લેતા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ નીચે સહી કરનારને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ મિલ્કતોનો પ્રતિકાત્મક કબજો લીધેલ છે.

ખાસ કરીને બાકીદારો અને જાહેર જનતાને આથી સદર મિલ્કતો સાથે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે તેમ છતાં મિલ્કતો અંગે કરેલ કોઈપણ વ્યવહાર દેના ગુજરાત ગ્રામીણ બેન્કની રકમ રૂ. ૯૫,૬૧,૫૫૬/- (અંકે રૂપિયા પંચાણું લાખ એકસઠ હજાર પાંચસો છપ્પન પૂરા) તથા તે ઉપર ચઢતા વ્યાજ અને આકસ્મિક ખર્ચા સહિતની રકમના ચાર્જને આધીન રહેશે.

તેમજ દેવાદાર/જામીનદાર/ગીરવેદારનું સરફેસી એક્ટ-૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ ૮ અન્વયે બાકીદારને પોતાની મિલકતોનો પરત કબજો મેળવવા માટે મળેલ સમય મર્યાદા તરફ ધ્યાન દોરવામાં આવે છે.

| બાકીદારનું નામ | ભાગીદારો / જામીનદાર / ગીરવેદારનું નામ અને સરનામું | મોર્ગેજ કરેલ સ્થાવર મિલ્કતોનું વર્ણન | કબજો લીધા તારીખ |
|---|---|---|---|
| એમ્સન ફૂડઝ, ઓફિસ : ૩, ૪, ગોકુલધામ સોસાયટી, ઉમિયાનગર પાસે, બેરણા રોડ, હિંમતનગર | ભાગીદારો : (૧) મનોજકુમાર કાન્તિલાલ સોની (૨) અમિતાબેન મનોજકુમાર સોની (૩) પાર્થ મનોજકુમાર સોની ૩, ૪, ગોકુલધામ સોસાયટી, ઉમિયાનગર પાસે, બેરણા રોડ, હિંમતનગર જામીનદારો : (૧) જતીનકુમાર જયંતીલાલ મહેતા સૂર્યોદય બંગ્લોઝ, ગાયત્રી મંદિર રોડ, હિંમતનગર. (૨) પિનાકીનભાઈ બાબુલાલ સોની રોયલ પાર્ક સોસાયટી, પેલેસ રોડ, મહાવીર નગર, હિંમતનગર. | રહેણાંક મિલકત - બળવંતપુરા (નવા) ગ્રામ પંચાયત, સર્વે નં.૮૮ પૈકી, પ્લોટ નં.૩ અને ૪ પ્લોટ વિસ્તાર ૩૧૦.૩૧ ચો.મીટર, બાંધકામ વિસ્તાર ૨૨૮.૩૬ ચો.મીટર, ગોકુલધામ સોસાયટી, ઉમિયાનગર પાસે, બેરણા રોડ, હિંમતનગર | ૨૬-૦૭-૨૦૧૭ |
| | | ધંધાકીય એન.એ.જમીન કરણપુર ગ્રામ પંચાયત સર્વે નં.૮૯ પૈકી ૩૬૪૨ ચો.મીટર અને ફેક્ટરી મકાન તથા મશીનરી મુ.કરણપુર. તા.હિંમતનગર, જી.સાબરકાંઠા | ૨૬-૦૭-૨૦૧૭ |

સહી/-
અધિકૃત અધિકારી અને રિજીઓનલ મેનેજર
દેના ગુજરાત ગ્રામીણ બેન્ક

તા. ૨૬-૦૭-૨૦૧૭
સ્થળઃ હિંમતનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com